**મહે. લેબર કોર્ટ અમદાવાદના એડી. ચીફ જ્યુડિશિયલ મેજીસ્ટ્રેટ તથા ન્યાયાધીશ (એસ.ડી.) સાહેબ સમક્ષ, જિ.અમદાવાદ.**

**નવો ફોજદારી કેસ નં.૧૨૫૫/૨૦૧૯**

**જુનો ફોજદારી કેસ નં.૧૧૮૩/૨૦૧૫**

**ફરિયાદી :– સરકારી શ્રમ અધિકારી અને લઘુતમ વેતન ઈન્સ્પેકટરશ્રી, ગાંધીનગર.**

**: વિરૂધ્ધ :**

**આરોપી :– સમવિત બિલ્ડકેર પ્રા. લી.**
**સદસ્ય નિવાસ, સેકટર–૨૧, ગાંધીનગર**
**શ્રી ઉમેશભાઈ મોહનલાલ ગોર – પ્રોપરાયટર**
૪૦૨, કિર્તીમાન કોમ્પલેક્ષ, કડવા પાટીદાર હોસ્ટેલ સામે,
ગુલબાઈ ટેકરા, અમદાવાદ.

**ગુન્હો:–લઘુતમ વેતન અધિનિયમની કલમ ૨૨–એ મુજબ.**

**–: ચૂ કા દો :–**

**(૧)** હાલનો ફોજદારી કેસ ચિફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ કોર્ટ ગાંધીનગર તરફથી લેબર કોર્ટ અમદાવાદને તબદીલ કરવામાં આવેલ છે, જે અત્રેની કોર્ટને એલોટ કરવામાં આવેલ છે. ઉપરોકત કેસની ફરીયાદ કારખાના નિરીક્ષક ધ્વારા જે તે વખતે સબંધિત મેજીસ્ટ્રેટ સમક્ષ ફોજદારી કાર્યરીતી અધિનિયમની ક.૧૯૦ (૧) (એ) મુજબ ફરિયાદીએ રજૂ કરતા સબંધિત કોર્ટ ધ્વારા ફોજદારી કાર્યરીતી અધિનિયમની ક.૨૦૦ (એ) વંચાણે લઈને ફોજદારી કાર્યરીતી અધિનિયમની ક.૨૦૪ મુજબ ફરિયાદમાં જણાવેલ ગુન્હાનું સંજ્ઞાન લઈને આરોપીને સમન્સ ઈસ્યુ કરવાનો હુકમ કરેલ હતો. સદરહુ ફરિયાદની હકીકત જોવામાં આવે તો,આરોપીએ લઘુતમ વેતન ધારા અન્વયેના ગુજરાત લઘુતમ વેતનના નિયમો પૈકી **નિયમ– ૨૬(એ), ૨૧(૪) અને કલમ–૧૯** નો ભંગ કરેલ હોઈ, જે સંદર્ભે સદરહુ કાયદાની કલમ ૨૨–એ હેઠળ શિક્ષાપાત્ર ગુનાની ફરીયાદ કરેલ છે.

**(૨)** ત્યારબાદ હાલનો કેસ અત્રેની કોર્ટમાં એલોટ થતા આરોપીને સમન્સ ઈસ્યુ કરેલ, જે સંદર્ભે આરોપી વતી તેઓને ઓથોરીટી આપનાર વ્યકિત અત્રેની કોર્ટના સ્પેશ્યલ સીટીંગમાં હાજર થયેલ. જેથી તેઓને ફરિયાદ તથા તેની સાથેના કાગળોની નકલ વિના મૂલ્યે આપવામા આવેલ. ત્યારબાદ ભારતીય ફોજદારી કાર્યરીતી અધિનિયમની ક.૨૫૧ મુજબ ગુન્હાની વિગતો જણાવી ગુન્હો કબૂલ છે કે કેમ ? તેવું પૂછવામાં આવેલ જેથી તેઓએ આરોપી વતી ગુન્હો કબૂલ હોવાનું જણાવેલ છે અને અલગથી ગુન્હાની કબૂલાત અંગે પુરસીસ ભારતીય ફોજદારી કાર્યરીતી અધિનિયમની ક.૨૫૨ અન્વયે રજૂ કરેલ છે. તેઓએ આરોપી વતી ગુન્હાની કબૂલાત પુરસીસ રજૂ કરતાં તેઓને સમજાવવામાં આવેલ કે તેઓ ગુન્હો કબૂલ કરવા બંધાયેલા નથી અને તેઓ ગુન્હો કબૂલ કરશે તો આવી કબૂલાત તેઓ વિરૂધ્ધ પૂરાવા તરીકે ઉપયોગ લેવાશે. આમ, છતાં આરોપી વતી પોતાનો ગુન્હો કબૂલ હોવાનું જણાવેલ છે જેથી તેઓની પ્લી નોંધવામાં આવેલ છે.

**(૩)** આરોપીએ હાલની ફરિયાદ અન્વયેનો ગુન્હો કોઈપણ જાતની લાલચ કે દબાણ વિના કબૂલ કરતા હોવાનું જણાવીને કબૂલાત પુરસીસ રજૂ કરેલ છે. વધુમાં જણાવેલ છે કે, પોતાને આ અંગે જાણ ન હતી અને અગાઉ તેઓ કોઈ ગુન્હામાં સંડોવાયેલા નથી. ભવિષ્યમાં આવો કોઈ ગુન્હો કરશે નહિ તેની

ખાતરી આપેલ છે અને પોતાને સુધરવાની તક આપવા તથા સજા કર્યા વિના છોડી મૂકવા અથવા કાયદા મુજબ ઓછામાં ઓછી સજાથી પણ ઓછી સજા કરવા અરજ કરેલ છે.

(૪) આ તબકકે **નામદાર મદ્રાસ હાઈકોર્ટ સમક્ષમાં એન.રામૈયા વિરુધ્ધ સ્ટેટ**નો ચુકાદો જોવામાં આવે તો તેમાં આરોપી વતી ઓથોરીટી આધારે જે વ્યકિતને ઓથોરીટી આપેલ હોય તેઓ ગુનાની કબુલાત કરી શકે તેવું ઠરાવેલ છે. તે સંજોગોમાં આરોપીની ઓથોરીટી આધારે જે વ્યકિત અત્રેની કોર્ટ સમક્ષ હાજર રહીને ગુનાની કબુલાત પુરસીસ રજુ કરેલ હોય તેઓ ગુનો કબુલ કરી શકે તેમ છે. વધુમાં આરોપી સામેના ગુન્હાની હકીકત તથા સજાની જોગવાઈ જોવામાં આવે તો આરોપીએ લઘુતમ વેતન ધારા અન્વયેના ગુજરાત લઘુતમ વેતનના નિયમો પૈકી **નિયમ– ૨૬(એ), ૨૧(૪) અને કલમ–૧૯** નો ભંગ કરીને તે કાયદાની **કલમ ૨૨ એ** મુજબનો ગુન્હો કરેલ છે. તે સંજોગોમાં આરોપી વતી ઓથોરીટી આધારે હાજર રહેનાર વ્યકિત સ્વેચ્છાએ ગુન્હો કબૂલ કરતા હોઈ તેથી તેઓને દોષિત ઠરાવવામાં આવે છે, પરંતુ આરોપીએ જે જોગવાઈનો ભંગ કરેલ છે તે ઘ્યાને લેતા તથા ગુનો કબુલ કરનારની ઉંમર, કેસની હકીકત, કેસનું આયુષ્ય, સજાની જોગવાઈ, ગુન્હાનો પ્રકાર વિગેરે, તેમજ ખાસ સવિશેષ **નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા સ્ટેટ ઓફ ગુજરાત વિરૂઘ્ધ નટવર હરચંદ ઠાકોર,૨૦૦૫ (૧) જી.એલ.આર. પાન ૭૦૯** ઉપરનાં ચૂકાદામાં પ્રસ્થાપિત સિઘ્ધાંત ઘ્યાને લેતા તેઓને વ્યાજબી તથા ઓછો દંડ કરી સજા કરવામાં આવે અને તે રીતે ભવિષ્યમાં ગુન્હો ન થાય તે માટે એક તક આપવામાં આવે તો તે યોગ્ય અને ન્યાયી જણાય છે, જેથી હાલના કેસમાં નીચે મુજબનો હુકમ ન્યાયના વિશાળ હિતમાં કરવામાં આવે છે.

**–: હુકમ ::–**

(૧) આ કામના આરોપીને ફોજદારી કાર્યરીતી અધિનિયમની ક.રપર મુજબ **લઘુતમ વેતન અધિનિયમ અન્વયેના ગુજરાત લઘુતમ વેતન નિયમો હેઠળના નિયમ– ૨૬(એ), ૨૧(૪) અને કલમ–૧૯ નો** ભંગ બદલ તે કાયદાની **કલમ ૨૨ એ** મુજબના ગુન્હા સંદર્ભે દોષિત ઠરાવવામાં આવે છે અને તેઓને પ્રત્યેક ભંગ બદલ રૂા.૫૦૦/– (અંકે રૂપિયા પાંચસો પુરા) તેમ કુલ મળીને રૂા.૧,૫૦૦/– (અંકે રૂપિયા એક હજાર પાંચસો પુરા) ના દંડની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે. આરોપી વતી ઓથોરીટી આધારે હાજર રહેનાર વ્યકિત **શ્રી ભરતભાઈ હીરાલાલ સથવારા** નાઓને ઉપરોકત આરોપીની દંડની રકમ કુલ **રૂા.૧,૫૦૦/– (અંકે રૂપીયા એક હજાર પાંચસો પુરા)** દંડની ભરવાની સજા કરવામાં આવે છે.

(૨) આરોપી વતી ઓથોરીટી આધારે હાજર રહેનાર વ્યકિત **શ્રી ભરતભાઈ હીરાલાલ સથવારા** દંડની રકમ ભરવાનો કસૂર કરે તો તેઓએ એક માસની સાદી કેદની સજા ભોગવવાની રહેશે.

(૩) આરોપીએ ભરેલ દંડની રકમ સરકારશ્રીમાં જમા કરવી.

આ હુકમ આજરોજ તા.૧૨/૦૩/૨૦૨૨ ના રોજ અત્રેની કોર્ટના સ્પેશ્યલ સીટીંગ દરમ્યાન વાંચી, સંભળાવી, સહી કરી જાહેર કરવામાં આવે છે.

**(નાગદાનભાઈ કે.ડાભી)**
**એડિશ્નલ ચીફ જયુડિશ્યલ મેજીસ્ટ્રેટ,**
**ન્યાયાધીશ (સિનિયર ડિવીઝન)**
**લેબર કોર્ટ, અમદાવાદ.**
**CODE : GJ01030**

તારીખ : ૧૨–૦૩–૨૦૨૨
સ્થળ : અમદાવાદ.